
# રજાઓ દરમિયાનની પ્રવૃત્તિઓ



SHANTiLAL MUTTHA FOUNDATiON

# આ પુસ્તિકા પાછળનો હેતુ શો છે?

કોવિડ-19 ના લૉકડાઉનને કારણે બાળકોને હવે લાંબી રજાઓ મળી છે. પણ આ રજાઓમાં એમણે ઘરની બહાર જવું કે બહાર રમવું અપેક્ષિત નથી.

બાળકો માટે અને વાલીઓ માટે પણ આ પરિસ્થિતિ ત્રાસદાયક બની શકે છે.

જોકે, આ પરિસ્થિતિની એક સકારાત્મક બાજુ પણ છે. આ સમય દરમિયાન તમે બાળકો માટે અનેક પ્રકારની મનોરંજક પ્રવૃત્તિઓ કરાવી શકો છો.

પૈસા ખર્ચ્યા વિના આ પ્રકારની પ્રવૃત્તિઓનું આયોજન કેવી રીતે કરવું એ અંગેની માહિતી આ પુસ્તિકામાં આપી છે.
પુસ્તિકામાંની પ્રવૃત્તિઓમાંથી ઘણીખરી પ્રવૃત્તિઓ તમે ફરી ફરી વાર કરાવી શકશો અને કેટલીક પ્રવૃત્તિઓ માટે એકથી વધુ દિવસ લાગી શકે છે.

# આ પ્રવૃત્તિઓ કેવી રીતે લાભદાયક નીવડશે?

- બાળકો પરોવાયેલા રહેશે.
- ભાષા, ગણિત, કલા વગેરે વિષયોના કૌશલ્યો એમનામાં વિકસશે.
- બાળકો સાથેના તમારા સંબંધો દૃઢ થશે.
- આ પ્રવૃત્તિઓમાંથી બાળકોને આનંદ મળશે.

# પ્રવૃત્તિઓના વિભાગ

પ્રવૃત્તિઓ ચાર વિભાગમાં આપેલ છેઃ

- ભાષા
- ગણિત
- પર્યાવરણ
- કલા

## પ્રવૃત્તિઓ કોને માટે છે?

પુસ્તિકામાં આપેલ બધી પ્રવૃત્તિઓ પ્રાથમિક શાળાનાં બાળકો માટે છે. જોકે એમાં થોડાક ફેરફાર કરીને તમે એથી થોડાં મોટાં અથવા કિશોરવયનાં બાળકો માટે પણ કરાવી શકો છો.

અહીં આપેલ પ્રવૃત્તિઓ એક જ વયજૂથનાં (4-6, 6-8 વગેરે) એક કે તેથી વધુ બાળકો સાથે કરાવી શકાશે.

જો તમારાં બાળકો અલગ અલગ વયજૂથનાં હોય તો તેમને અલગ અલગ પ્રવૃત્તિઓ આપવી વધુ યોગ્ય ઠરશે.

## કેટલી વાર?

દરેક દિવસે 1-3 પ્રવૃત્તિઓ કરાવવી.

જેટલી વાર શક્ય હોય તેટલી વાર પ્રવૃત્તિઓમાં થોડોક ફેરફાર કરીને એ વારંવાર કરાવવાનો પ્રયત્ન કરવો.

## તમે પોતાની પ્રવૃત્તિઓ બનાવી શકો

અહીં સૂચવેલ પ્રવૃત્તિઓને આધારે તમે પોતે પણ પ્રવૃત્તિઓ બનાવી શકો છો. ઇન્ટરનેટ પર પણ આવી પ્રવૃત્તિઓ શોધી શકાય છે.

જોકે, રોજ સાવ નવી પ્રવૃત્તિઓનો સેટ કરાવવાનું ટાળવું.

# શરૂઆત કરતાં પહેલાં

- બાળકોને આ પ્રવૃત્તિઓ અંગે જાણકારી આપવી. પ્રવૃત્તિઓ થકી એમનામાં જિજ્ઞાસા જાગ્રત કરવી.
- રોજ પ્રવૃત્તિ કરાવવા માટે થોડો સમય અલગ રાખવો. એ ઓછામાં ઓછો 10 મિનિટ અને વધુમાં વધુ 1 કલાક હોઈ શકે છે.
- બાળકોને રોજિંદું સમયપત્રક બનાવવામાં અને એનં પાલન કરવામાં મદદ કરવી.

રોજિંદુ **સમયપત્રક અનેક કારણોસર ઉપયોગી નીવડે છેઃ**

1. બાળકોને નક્કી કરેલ દિનક્રમ ગમે છે.

2. તેઓ પોતાના સમયનો વધુ સારી રીતે ઉપયોગ કરી શકે છે.

3. ચોક્કસ દિનક્રમનું પાલન કરવાથી બાળકોમાં સારા ગુણ વિકસે છે.

## પ્રવૃત્તિઓ કેવી રીતે કરાવવી?

- પહેલાં પ્રવૃત્તિ વાંચી લેવી.

- પછી બાળકોને ટૂંકમાં એને વિશે કહેવું.

- એ અંગે એમને સ્પષ્ટ સૂચનાઓ આપવીઃ શું કરવાનું છે એ એમને સમજાયું છે એની ખાતરી કરી લેવી.

- એમને એમની મરજી મુજબ પ્રવૃત્તિ કરવા દેવી. જો બાળકો પ્રવૃત્તિ સાથે સંબંધિત ન હોય એવી વાતો કરવા માંડે તો એમને ધીરેથી પ્રવૃત્તિમાં ચોક્કસ રીતે શું કરવાનું છે એ યાદ અપાવવું.

- દરેક પ્રવૃત્તિ પૂરી કરવા માટે પૂરતો સમય આપવો.

- બાળકો પ્રવૃત્તિ કરતાં હોય ત્યારે એમનું શાંતિથી નિરીક્ષણ કરવું. એમને કશું સૂચવવાનું કે ટીકાટિપ્પણ કરવાનું ટાળવું.

- બાળકોએ કરેલ પ્રયત્નોને બિરદાવવા.

# અનુક્રમણિકા


1. ભાષા વિષયક પ્રવૃત્તિઓ 9
2. ગણિત અંગેની પ્રવૃત્તિઓ 22
3. પર્યાવરણ અંગેની પ્રવૃત્તિઓ 29
4. કલા અંગેની પ્રવૃત્તિઓ 34

# 1. ભાષા વિષયક પ્રવૃત્તિઓ



બાળકોનું ભાષાકૌશલ્ય વિકસિત થાય એ માટે ઘરમાં જ મજાની પ્રવૃત્તિઓ કરાવી શકાય છે.
આ પ્રવૃત્તિઓ કરાવતી વખતે, નીચેનાં માર્ગદર્શક સૂચનો યાદ રાખવાં :

- બાળકોને એમના શબ્દોમાં વ્યક્ત થવાં દેવાં.

- બાળકો બોલતાં હોય કે લખતાં હોય ત્યારે એમની ભાષાકીય ભૂલો સુધારવાનું ટાળવું. (જુઓઃ ભાષાના સંદર્ભમાં થયેલ ભૂલો કેવી રીતે સુધારવી.)

# પ્રવૃત્તિમાં : વાતચીત માટેનો સમય

દરેક દિવસે આપણાં બાળકો સાથે ચોક્કસ વિષય પર વાતચીત માટે ઓછામાં ઓછી 5-10 મિનિટ અલગ રાખવી. એ માટે કયા વિષય પસંદ કરવા તેની ચર્ચા એમની સાથે કરી શકો છો.

બાળકો પર ભાર પડે અથવા એમને બીક લાગે એવા વિષયો પસંદ કરવાનું ટાળવું.
પસંદ કરવાના વિષય તરીકે –

- મારો સૌથી ગમતો મિત્ર કે ગમતી બેનપણી
- મારી ગમતી ક્રિયાઓ
- મારા જીવનમાંનો સૌથી આનંદદાયક પ્રસંગ
- મારી ગમતી વાર્તા
- શાળામાં હું શું કરું છું.
- ગઈ કાલે મેં શું કર્યું.

નક્કી કરેલ વિષય પર વાતચીત માટે કોઈક શાંત જગ્યા પસંદ કરવી. બાળકોને થોડાક પ્રશ્નો પૂછીને સંવાદની શરૂઆત કરવી. ત્યાર બાદ બાળકો બોલવા લાગે એટલે તમે વધુ પ્રશ્નો પૂછી શકો છો.

વિવિધ શબ્દો, મોઢા પરના હાવભાવ અને ઇશારાઓની મદદથી તેઓ કેવી રીતે વ્યક્ત કરે છે એનું નિરીક્ષણ કરવું. એમને પ્રતિભાવ આપતી વખતે તમે પણ એવા પ્રકારના હાવભાવ અને ઇશારાઓનો ઉપયોગ કરી શકો છો.

પસંદ કરેલ વિષયના ચોકઠામાં રહીને આ સંવાદ ચાલવો જોઈએ.

અહીં 6 વર્ષની બાળકી સાથે એના સૌથી ગમતા મિત્ર અંગે તેની સાથે થયેલ સંવાદનો નમૂનો આપ્યો છેઃ

**વાલીઃ**

આજે આપણે મિત્રો અને બેનપણીઓ વિશે વાતો કરીશું. તારાં તો ઘણાં મિત્રો અને બેનપણી છે ખરું ને?

**છોકરીઃ**

હા. ઘણાં છે. બહુ બધાં મિત્રો ને બેનપણી છે.... (હાથ ફેલાવે છે.)

**વાલીઃ** (હસીને)

સરસ! તો પછી મને કહે કે એમાં સૌથી ગમતો મિત્ર કે બેનપણી કોણ છે?

**છોકરીઃ**

સમીર.

**વાલીઃ**

અરે વાહ! સમીર, એ તારો ખાસ મિત્ર છે કેમ છે?

**છોકરીઃ**

કેમ કે,.... (વિચાર કરીને) કેમ કે...

**વાલીઃ (શાંતિથી રાહ જુએ છે)**

કેમ કે..

**છોકરીઃ**

કારણ કે એ મારી સાથે રમે છે. અને કાયમ રમવા માટે તૈયાર હોય છે.

**વાલી (હસીને)**

બહુ સરસ કહેવાય! તમે શું શું રમો છો?

# પ્રવૃત્તિ : વાર્તા

બધાં જ બાળકોને વાર્તા સાંભળવુ બહુ ગમે છે. વાર્તાનો ઉપયોગ કરીને વિવિધ પ્રકારનાં કૌશલ્યો વિકસાવી શકાય છેઃ

- ધ્યાનથી સાંભળવું
- કોઈક પરિસ્થિતિની કલ્પના કરવી
- અન્ય લોકોને સમજવાં
- નવા શબ્દો અને ખ્યાલો સમજી લેવા
- પ્રસંગમાંનો ક્રમ સમજી લેવો.

બાળકોને વાર્તામાં પરોવી રાખવાની અનેક રીતો છેઃ

- તમે સાંભળેલી વાર્તા કહી શકો કે પછી તમે જાતે બનાવેલી વાર્તા કહી શકો. બાળકો એ વાર્તાની દુનિયામાં પ્રવેશે તે માટે તમે તમારો અવાજ ઊંચો-નીચો કરીને, ઇશારા અને હાવભાવ સાથે વાર્તાને મનોરંજક બનાવી શકો છો.
- ચોપડીમાંથી વાર્તા વાંચી સંભળાવી શકો છો.
- તમે તમારા મોબાઈલ કે કંપ્યૂટર પર વાર્તાનં રેકોર્ડિંગ ઑડિયો-વીડિયો સંભળાવી શકો.

વાર્તા લાંબી હોય તો મુખ્ય ઘટના પછી રોકાવું. બાળકોને વાર્તાનો એટલો ભાગ સમજાયો છે કે કેમ તે પ્રશ્નો પૂછીને જાણી લેવું. તમે એમ પણ પૂછી શકો છો કે પછી શું બન્યું હશે એમ તમને લાગે છે?

બાળકોએ વાર્તા સાંભળી લીધા પછી તમે પ્રશ્નો પૂછી શકો છો:

- તમને આ વાર્તા ગમી?

- આ વાર્તામાં શું બન્યું?
- પેલાએ (કોઈક પાત્રે) એવું કેમ કર્યું હશે?
- એણે એમ ન કર્યું હોત તો?

તમે એક જ વાર્તા અનેક વાર કહી શકો છો. બાળકોને કોઈ વાર્તા જાણીતી થઈ ગઈ હોય પછી અલગ અલગ તબક્કે રોકાઈને તમે પૂછી શકો છો કે પછી શું થયું?

પછી એ જ વાર્તા તમે બાળકોને એમના શબ્દોમાં કહેવા કહી શકો છો.

## પ્રવૃત્તિ : અભિનય સાથે ગીત ગાવું

બાળકોને સમજાય અને તમારી સાથે ગાઈ શકે એવા ગીતો પસંદ કરવાં. ગીત સાથે મેળ ખાય એવા પ્રકારનો અભિનય કરવો અને બાળકોને પણ કરવા કહેવું.

ગીત સાથે સંગીત માટે તમે ઘરમાંની જ કોઈ વસ્તૂઓનો ઉપયોગ કરી શકો છો!

## પ્રવૃત્તિ : વાર્તા બનાવવી

તમે બાળકોને જાતે વાર્તા બનાવવા કહી શકો છો અથવા તમે એમની સાથે મળીને વાર્તા બનાવી શકો છો.

વાર્તાની શરૂઆત કોઈ શબ્દ કે વાક્યથી કરી શકો છો. દા.ત. :

- બે તોફાની વાંદરા
- એક બિલાડી અને એક કૂતરો
- એક છોકરી નિશાળે જતી હતી. એટલામાં જોરજોરથી વરસાદ પડવા માંડ્યો.

- એક સ્વાભિમાની રાજા હતો.

બાળકો જાતે વાર્તા બનાવશે ત્યારે એમાં ખાસ મતલબ નહીં હોય. પણ તેઓ જ્યાં સુધી પોતાના શબ્દોમાં વાર્તા રચી રહ્યાં હોય તો એમ કરવામાં કોઈ વાંધો ન હોવો જોઈએ.
વાર્તા બનાવ્યા બાદ બાળકોને વાર્તામાંના એકાદ પાત્રનું કે પછી કોઈક પ્રસંગનું ચિત્ર દોરવા કહેવું. થોડી મોટી ઉંમરવાળાં બાળકોને એ વાર્તા પોતાના શબ્દોમાં લખવા કહેવું.

## પ્રવૃત્તિ : ચિત્ર પર વાતચીત

એકાદ ફોટો પસંદ કરો અને બાળકો સાથે નીચે આપેલા નમૂના મુજબ એના પર વાતચીત કરોઃ

- તને આ ચિત્રમાં શું દેખાય છે?

- બીજું શું છે?

- (ચિત્રમાંની એકાદ વસ્તુનો) રંગ કયો છે?

- આ વ્યક્તિ શું કરે છે? એ વ્યક્તિ એમ શા માટે કરતી હશે એમ તને લાગે છે?

## સૂચના : ભાષાના સંદર્ભે ભૂલો સુધારવી

કોઈ પણ પ્રકારનું અધ્યયન કરતી વખતે એમાં ભૂલો થવી એ સ્વાભાવિક છે. એથી એની બહુ ચિંતા કરવાની જરૂર નથી હોતી. ખાસ કરીને ભાષાની બાબતમાં શરૂઆતમાં ભૂલરહિત વાક્ય રચાય તે કરતાં જે કહેવું હોય તે વ્યક્ત થવું મહત્ત્વનું હોય છે.

એનો મતલબ એ નથી કે ભૂલો પ્રત્યે ધ્યાન ન આપવું. એ માટે તમે નીચેની રીતો અજમાવી શકો છોઃ

- બાળકો બોલતાં હોય કે લખતાં હોય ત્યારે એમની ભૂલો દર્શાવવાનું ટાળો.

- એમનું લખાઈ જાય કે બોલી રહે પછી તમે એમ કહી સુધારો કે તારે એમ કહેવું હતું?....

- ઉંમરમાં મોટાં હોય એવાં બાળકોને ભૂલોભર્યાં વાક્યો ભૂલ વિના ફરીથી લખવા કહેવું.
- કોઈક વાક્ય કે શબ્દ કેવી રીતે યોગ્ય લખાય એ અંગે તમને પોતાને ખાતરી ન હોય તો અન્ય કોઈને પૂછો અથવા છોડી દો.

## પ્રવૃત્તિ : શબ્દોસંબંધી રમતો

ઘરમાં વિવિધ પ્રકારની શબ્દરમતો રમી શકાય છે. કુટુંબના બધાં સભ્યો એમાં ભાગ લઈ શકે છે.

1.

એકાદ અક્ષર લઈને એથી શરૂ થતા વધુમાં વધુ શબ્દ સૌ ખેલાડીઓએ બોલી બતાવવા.

એક વાર બોલાઈ ગયેલ શબ્દ બીજો કોઈ ફરી વાર બોલી ન શકે.

જે કોઈ ખેલાડી સૌથી સરસ શબ્દ બોલે તે જીતે. (બધાં બાળકો જીતે એ જોવું.) આ રમત અલગ અલગ અક્ષરો વાપરીને રમાડવી.

2.

ઉપરની રમત એમાં અમુક શરતો ઉમેરીને વધુ પડકારવાળી બનાવી શકાશે.

- માણસોના નામ ન વાપરી શકાય.
- માત્ર બહેનોનાં નામ જ વાપરી શકાશે.
- માત્ર સ્થળનામ જ વાપરી શકાશે.

3.

એક કોરા કાગળ પર 4 ઊભી અને 6-8 આડી લિટીઓ હોય એવો કોઠો બનાવો.


ઊભા ખાનાઓને નામો આપો – અક્ષર, સ્થળ, નામ, વસ્તુ

પહેલા ખાનાની આડી હારમાં એક અક્ષર લખો. બાળકોને એ અક્ષરથી શરૂ થતાં માણસોનાં નામ, સ્થળોનાં નામ, અને વસ્તૂઓનાં નામ અંગે વિચારવા કહો. દરેક આડી લિટીમાં એમનાં જવાબ લખવા કહો.

(જો એમને બરાબર રીતે લખતા ન ફાવે તો એમના વતી તમે જવાબ લખો અને લખી લીધા પછી દરેક શબ્દ એમને વાંચવા કહો.)

તમે એમને શબ્દ સૂચવી શકો છો. પરંતુ, બાળકોએ એમના પૂરા પ્રયત્નો કરી લીધા હોય પછી જ. (અને ક્યારેક તમને પણ દરેક ખાનામાં શબ્દ સૂઝતો બંધ થઈ શકે છે.)

# 2. ગણિત અંગેની પ્રવૃત્તિઓ



ગણિતની અનેક પ્રકારની પ્રવૃત્તિઓ ગણિતના પુસ્તક વિના ઘરે કરાવી શકાય છે.

તમારા બાળકોનું અધ્યયન સ્તર જે હોય તે મુજબ નીચેમાંથી પ્રવૃત્તિ પસંદ કરી શકાય છે. બાળકોને કોઈ પણ પ્રકારની સૂચક બાબતો કે જવાબ કહ્યા વિના આ પ્રવૃત્તિમાં ભાગ લેવો.

# પ્રવૃત્તિ : નાનું કે મોટું

પેન, પેન્સીલ, સિક્કા, બટનો, પગરખાં, સ્ક્રૂ ડ્રાયવરો, અથવા વિવિધ આકારના કાગળના ટૂકડા જમીન પર પાથરી રાખો. ત્યાર બાદ બાળકોને પૂછોઃ

- આમાંથી સૌથી નાની વસ્તુ કઈ છે?
- આમાંથી સૌથી મોટી (કે સૌથી લાંબી) વસ્તુ કઈ છે?
- તમે સૌથી નાની વસ્તુથી માંડીને સૌથી મોટી વસ્ત સુધી એક હારમાં ગોઠવી શકો?

# પ્રવૃત્તિ : સામાન્ય ગણતરી

1.

બાળકોને થેલી ભરીને કાંદા આપવા અને પછી કહેવું : મને 5 કાંદા આપ... હવે મને બીજા 4 કાંદા આપ.

2.

એક થેલીમાં કાંદા અને બટાકાં ભરવા અને બાળકોને પૂછવું : આ થેલીમાં કેટલા બટાકાં હશે એમ તને લાગે છે? તને ખાતરી છે? ગણો અને ચકાસી જુઓ.

3.

જમીન પર કાંદા અને રિંગણાં રાખવાં અને બાળકોને પૂછવું : રિંગણાં વધુ છે કે કાંદા? કેટલાં વધુ છે?

4.

બાળકોને કહો : એમ ધારો કે, આપણા ઘરે છ મહેમાન આવવાના છે. એ બધાને જમવા માટે કેટલી થાળીઓ, કેટલાં ચમચાં, વાટકીઓ અને પ્યાલા જોઈશે. એ બધાં તમે ટેબલ પર ગોઠવી શકો?

# પ્રવૃત્તિ : નિરીક્ષણ અને ગણન

બાળકોને આખા ઘરમાં ફરીને નીચેના પ્રશ્નોના જવાબ આપવા કહેવું. (એક સાથે એક જ પ્રશ્ન પૂછવો) :

1. આપણા ઘરમાં કેટલી બારીઓ છે? કેટલાં બારણાં છે?
2. આપણા આ ઓરડામાં કેટલી લાદીઓ (ટાઈલ્સ) છે?
3. તમે જ્યાં બેઠા છો ત્યાંથી તમને પીળા રંગની કેટલી વસ્તુ દેખાય છે?  કેટલી લાલ રંગની વસ્તુઓ દેખાય છે?
4. આપમા ઘરમાં જે કૂંડાં છે એમાંના કયા છોડને સૌથી વધું પાંદડાં છે? સૌથી ઓછાં પાંદડાં કયા છોડને છે?

# પ્રવૃત્તિ : વ્યાવહારિક દાખલા

બાળકોને એક ફૂટપટ્ટી, એક પેન અને કાગળ આપો. એમને પૂછો:

1. આ ઓરડાની લંબાઈ કેવી રીતે માપી શકાશે? તું આ ઓરડાની લંબાઈ માપીને કહી શકે છે?
2. આ જ માપન ઝડપથી કરવાની કોઈ રીત છે?(ટીપઃ જેની લંબાઈ નક્કી છે એવી દોરીનો ઉપયોગ કરી શકાશે.)

3. આ ઓરડાનું ક્ષેત્રફળ કેટલું છે?
4. આ ઓરડાનું ક્ષેત્રફળ અને બાજુના ઓરડાનું ક્ષેત્રફળ એ બન્નેમાં કેટલો ફેર છે?

## પ્રવૃત્તિ : રુપિયા અને પૈસા

બાળકોને થોડીક 5, 10, 100 રુપિયાની નોટો અને અલગ અલગ મૂલ્યના સિક્કા આપવાં.
પછી એમને નીચેના નાણાં અંગેનાં દાખલા ગણવા કહેવુઃ

- તને કુલ કેટલા પૈસા આપ્યા છે એ તું મને કહી શકશે?
- હવે કુલ 1000 રુપિયા થવા માટે તારે હજુ કેટલા પૈસાની જરૂર છે?
- તું મને પાંત્રીસ રુપિયા આપી શકશે?
- તારી પાસે દસ રુપિયાની કેટલી નોટો છે? જો તને દસ રુપિયાની બીજી 14 નોટો આપું તો દસ રુપિયાની બધી નોટોનું કુલ મૂલ્ય કેટલા પૈસા થશે? ... અને પછી તારી પાસે કુલ કેટલા પૈસા થશે?

# પ્રવૃત્તિ : દુકાનદાર

શાકભાજી, કપડાં, પગરખાં વગેરેનો ઉપયોગ કરીને બાળકોને એકાદ નાની દુકાન બનાવવા કહો.

સાથે સાથે દરેક વસ્તુની કિંમત નક્કી કરવામાં મદદ કરો.

હવે તમે નીચેની અનેક પ્રવૃત્તિઓ કરાવી શકશો.

1.

બાળકોને દુકાનમાંની બધી વસ્તુઓની ખરીદ કિંમત સાથેની એક યાદી બનાવવા કહેવી. દુકાનમાં એમનું કુલ રોકાણ કેટલું થયું છે એનો હિસાબ માંડવા કહેવું.

2.

વસ્તુઓ વેચીને કેટલો ફાયદો મેળવવાનો છે એ નક્કી કરવાનું બાળકોને કહો. એ મુજબ દરેક વસ્તુની વેચાણ કિંમતની યાદી બનાવવા કહેવું.

3.

દુકાનદારને કેટલાક નાણાં અને છૂટા સિક્કા વાપરવાં માટે આપવાં.

તમે અને ઘરની અન્ય વ્યક્તિઓ દુકાનમાંની વસ્તુઓ ખરીદનાર ગ્રાહક બનો. તમે દુકાનદાર સાથે કિંમત અંગે ભાવતાલ કરી શકો છો.

અમુક વસ્તુઓની ખરીદી રોકડા નાણાં આપીને કરવી. દુકાનદારે તમને બાકીના પૈસા બરાબર ગણીને આપ્યા છે કે કેમ તેનું ધ્યાન રાખવું.

દુકાનનો સમય પૂરો થાય એટલે દુકાનદારે નીચેની બાબતોનો હિસાબ કરવાનો છેઃ

- વેચાણમાંથી થયેલ નફો.
- ન વેચાએલ માલની કિંમત

# 3. પર્યાવરણ અંગેની પ્રવૃત્તિઓ



ધોરણ 3 માં ‘આસપાસ’ આ વિષયનો પરિચય કરાવવામાં આવ્યો છે. એમાં ભૌતિક અને સામાજિક પાસાનો સમાવેશ હોય છે.

ધોરણ 1 અને 2 માં ભણતાં બાળકો પણ તમારી મદદથી નીચેમાંની અમુક પ્રવૃત્તિઓ કરી શકશે.

## પ્રવૃત્તિ : આપણું કુટુંબ

1.

બાળકોને એક નાનકડી નોટબુક, આલેખ કે પોસ્ટર દ્વારા કુટુંબમાંના બધાં સભ્યોનું ચિત્ર બનાવવાનું છે. (<u>અહીં વાસ્તવિક ચિત્ર દોરવાનું અપેક્ષિત નથી</u>.)

બાળકોના અધ્યયન સ્તરને આધારે એમને નીચેની વધારાની માહિતી પણ લખવા કહી શકો છો.

- દરેક સભ્યનું નામ
- દરેક સભ્યની ઉંમર
- દરેક સભ્યને ગમતી અને અણગમતી વસ્તુ

2.

બાળકો સાથે કુટુંબમાંના બધાં સભ્યોનાં નામ ધરાવતો એક કાચો કોઠો તૈયાર કરાવવો. એમાં, દાદા-દાદી, કાકા, મામા, ફોઈ, તેમજ પિતરાઈ ભાઈ-બહેન વગેરેનો સમાવેશ કરેલો હશે.

પછી એ કોઠાને અંતિમ ચોક્કસ બનાવવા કહો. એ માટે એમાં રંગ પૂરવા કે સજાવવા માટે જે વસ્તુઓ જોઈએ તેનો ઉપયોગ તેઓ કરી શકશે.

આ કોઠો તૈયાર થાય એટલે એમાંના દરેક સભ્ય વિશે તમે વધુ માહિતી આપી શકો છો.

3.

બાળકોને કુટુંબના બધા સભ્યોના નામ અને ફોન નંબરવાળી એક નાનકડી ટેલિફોન ડાયરી બનાવા કહેવું. (એમાં જે લોકો ઘરમાં રહેતા નથી પણ નિયમિત સંપર્કમાં છે એમનો પણ સમાવેશ કરવો.)

ડાયરી બનાવ્યા બાદ, તમે એ ડાયરીમાંના દરેક વ્યક્તિને ફોન કરવા કહો અને એમને શુભેચ્છા આપવા કહી શકો.

## પ્રવૃત્તિ : આલ્બમ

બાળકોને જૂની નોટોના કોરા કાગળ લઈને એક 'કોરો આલ્બમ' બનાવવા કહો.

ત્યાર બાદ ચિત્રો ધરાવતા જૂના છાપાં અને સામયિકો આપવાં. એમાંના ફોટા કાપવા કહેવું. નીચેની કોઈ એક સંકલ્પનાને આધારે આલ્બમ બનાવવા કહેવું.

- લોકો
- સ્થળો
- વ્યવસાય

- રમતો
- જાણીતી વ્યક્તિઓ
- કપડાં

# પ્રવૃત્તિ : વૃક્ષો વધારો

તમારી મદદથી બાળકો ઘરમાં જ ઘણી જાતનાં શાક, ફૂલ ધરાવતા છોડ ઉછેરી શકે છે. તમારી પાસે કૂંડાં ન હોય તો તમે પાણીની પ્લાસ્ટિકની બાટલીઓ (અડધી કાપીને), જૂના કપ અથવા વાસણો, પ્લાસ્ટિકની ટ્રે કે કાગળના કપ વાપરી શકો છો.

બી વાવવાથી શરૂ કરી શકાય. બાળકોને નીચેની બાબતોનું નિરીક્ષણ કરવા કહેવું.

- બીજમાંથી ફણગો ફૂટવામાં કેટલા દિવસ થયા?
- દરેક અઠવાડિયે છોડ કેટલો વધ્યો?
- છોડને પાણી આપવાનું બંધ કરીએ તો શું થાય?

# પ્રવૃત્તિ : પસ્તીના કાગળમાંથી કલા

પસ્તીના કાગળમાંથી કેટલી અલગ અલગ વસ્તુઓ બનાવી શકાય એ અંગે વિચારવાનું બાળકોને કહેવું. કેટલીક કલ્પનાઓઃ

- ચોરસ, લંબચોરસ, ઈંડાનો આકાર, ગોળાકાર

  , ત્રિકોણ અને બીજા આકાર.

- રમકડાનું વિમાન, હોડી, તીર,  ઘર, ઝાડ
- પ્રાણીઓના આકાર
- પાકિટ, ટોપી, નાનાં ખોખાં

આ બધી વસ્તુઓ બનાવવાની શરૂઆત તમે બાળકોને એ કેવી રીતે બનાવવી એ બતાવી કરી શકો છો. એ માટે યૂ-ટ્યૂબ પરના વીડિઓ તમે બતાવી શકો છો.

શક્ય હોય તો બાળકોને એમની કૃતિઓ વધુ આકર્ષક બનાવવા માટે રંગીન સામગ્રીનો ઉપયોગ કરવા દો.

# 4. કલા અંગેની પ્રવૃત્તિઓ



આ પહેલાના ભાગમાં કેટલીક કલા અંગેની પ્રવૃત્તિઓ આપી છે. વધુ નીચે મુજબ આપેલ છે.

## પ્રવૃત્તિ : આકારો

આ પ્રવૃત્તિ બે સ્તરે કરી શકાશેઃ

જે બાળકો લેખન શીખી રહ્યાં છે એમને તમે સહેલા આકારો દોરી આપો. એવા જ આકાર દોરવા એમને કહો. (તેઓ આ આકારો બરાબર એવા જ દોરશે એવી અપેક્ષા ન રાખશો.)

1. જે બાળકોનું લેખન કૌશલ્ય વિકસેલું છે અને જેમને વિવિધ આકારો દોરતાં આવડે છે એમને માટે આ પ્રવૃત્તિ છે. એમને ચોરસ, લંબચોરસ અને શંકુ જેવા વિવિધ ભૌમિતિક આકારોનો ઉપયોગ કરીને જુદી જુદી રચના કરવા કહો. આ આકારો એકબીજા પર આવી જનારા (Overlapping) હોઈ શકે છે.

આ આકારો પેન્સીલ કે પેન કે પછી ચૉક કલર, પેન્સીલ કલર વગેરેથી રંગી પણ શકાશે.

## પ્રવૃત્તિ : તમને ગમતું ચિત્ર દોરો

આ પ્રવૃત્તિ આમ સહેલી જણાય છતાં એ ઘણાં બાળકો માટે બે કારણોસર અઘરી હોઈ શકે છે.

- એમને ક્યારેય જાતે વિચાર કરવાનો મોકો જ ન અપાયો હોય

- બાળકોએ શેનું ચિત્ર દોરવું અને તે કેવી રીતે દોરવું એ અંગે મોટા માણસોની ખાસ અપેક્ષાઓ હોય છે... અને આ અપેક્ષાઓ બાળકો પૂરી કરી શકતાં નથી.

  આમાંથી બીજી બાબત તમે ટાળી શકો છો અને બાળકોને એમના મનથી ચિત્ર દોરવા દઈ શકો છો.

જો તમારે એમને કશુંક સૂચવવું હોય તો તે તમે નીચે મુજબ સૂચવી શકો છોઃ

- કેટલા નિસર્ગચિત્રો (વૃક્ષો, ફૂલો, ડુંગરો, નદી વગેરે)
- ઘર અને વૃક્ષ, ફૂલોવાળું વૃક્ષ, ફૂલો, માછલી, હોડી વગેરે.
- મોબાઈલ ફોન, ટી.વી. કબાટ કે પછી બારણું જેવી ઘરમાંની વસ્તુઓ
- પોતાનું કે પછી ઘરમાંની કોઈ વ્યક્તિનું ચિત્ર

બાળકો ચિત્ર દોરી રહે પછી એમને એ ચિત્ર વિશે વધુ માહિતી આપવા કહેવું.

એમના પ્રયત્નોની ટીકા કે એમની મશ્કરી કરવી નહીં.


## પ્રવૃત્તિ : રંગોળીનો નમૂનો


એક કોરા કાગળ પર રંગોળીનો નમૂનો દોરી બતાવવો. અથવા ગુગલ ઈમેજ પર જોઈને દોરવા કહેવું.
બાળકોને તમે નીચેની બાબતો કરવા કહી શકો છો.

- રંગોળીમાં રંગ પૂરવા
- ટપકાં પર કે લિટીઓ પર ડાળના દાણા કે રંગીન બટનો ચોટાડવા કહેવું.
- પોતે રંગોળી દોરી રંગ પૂરવા

# પ્રવૃત્તિ : ચોરસનો ઉપયોગ કરીને બનાવેલી રચના

બાળકોને એક ચોરસ દોરવા કહેવું. આ ચોરસમાં 16, 24 અથવા 36 ચોરસ હશે. દરેક નાના ચોરસમાં અલગ અલગ રંગોનો ઉપયોગ કરીને એમની એક સરસ રચના રચી શકાશે. એ માટે નીચે કેટલાક નમૂના આપ્યા છે.





# પ્રવૃત્તિ : જુઓ અને દોરો

જે બાળકોને મૂળભૂત આકારો દોરતા આવડતા હોય એવાં બાળકો પાસે આ પ્રવૃત્તિ કરાવી શકાશે.

એમને કોઈ વસ્તુનું નિરીક્ષણ કરીને એનું ચિત્ર દોરવા કહેવું. તમે નીચે જેવી વસ્તુઓની પસંદગી કરી શકો.

- ડોલ, મગ, સાબુદાની
- ચમચો, થાળી, કપ, રકાબી
- સ્ક્રૂ ડ્રાઈવર, હથોડી, કાતર
- બલ્બ, ટ્યૂબલાઈટ, પંખો

***